કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ
આંબેડકર ભવન નડીયાદ,જિ.ખેડા
ના મકાનમાં બાકી રહેલ અધૂરા
કામ પુરા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,ભાગ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૬/૧૦/૨૦૧૬.

<u>વંચાણે લીધાઃ</u>

(૧)સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૬-૧-૨૦૧૪ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ
(૨)સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૦-૪-૨૦૧૫ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ
(૩) નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણનાતા.૧૪-૦૯-૨૦૧૬ નાપત્રક્રઃઅજાક/મ-૪/૫૬/ ૨૦૧૬/૪૯૬૫-૬૭

<u>ઠ રા વઃ</u>

જીલ્લા કક્ષાએ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, નડીયાદ, જી.ખેડા ખાતે ભવનના બાંધકામ માટે સરકાર ધ્વારા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવથી રૂ.૧૧૯.૩૩ લાખની સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ આમુખ ક્રમ-(૨) ના તા.૧૦-૦૪-૧૫ના દર્શાવેલ ઠરાવથી સુધારેલ નકશા-અંદાજોને રૂ.૧૬૪.૮૭ લાખના ઠરાવથી સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને આમુખ ક્રમ-(૩) પરના નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણ ના તા.૧૪-૦૯-૧૬ના દર્શાવેલ પત્રથી કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાનમાં બાકી રહેલ અધૂરા કામ પુરા કરવા માટે રૂ.૩૭,૨૦,૭૦૦/-(અંકે રૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા) નો ખર્ચ કરવાની મંજુરી આપવા માટેની દરખાસ્ત રજુ કરેલ જે દરખાસ્તને ખર્ચ કરવાની મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાનમાં બાકી રહેલ અધૂરા કામ પુરા કરવા અગાઉ રૂ.૧૬૪.૮૭ લાખની સુધારેલ વહીવટી મંજુરી આપેલ છે. તે સામે થયેલ બચતમાંથી ખર્ચ કરવાની રૂ.૩૭,૨૦,૭૦૦/-(અંકે રૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા) મંજૂરી આપવામાં આવે છે.

આ વિભાગના તા. ૧૬-૧-૨૦૧૪ના ઠરાવ તથા ૧૦-૦૪-૨૦૧૫ના સરખા ક્રમાંકની ઠરાવો શરતો યથાવત રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર–૦૩-પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર-(૦૧)–બીસીકે-૪૯–ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી(સા.ન્યા)તા.૨૧-૦૯-૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદ, જી.ખેડા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, નડીયાદ, જી.ખેડા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત નડીયાદ, જી.ખેડા
સીલેકટ ફાઇલ.